ભિવંડીથી તેલંગાણા જતાં રૂ.૪૧.૨૬ લાખના પ્લાસ્ટિક દાણા રસ્તામાં વગે, ચાલક પકડાયો

બારડોલી, શનિવાર

મહારાષ્ટ્રના ભિવંડીથી તેલંગાણા મોકલવામાં આવેલ રૂ.૪૧.૨૬ લાખના પ્લાસ્ટિકના દાણાનો જથ્થો રસ્તામાં જ સુરત જિલ્લાના કામરેજ તાલુકાના ખોલવડ ગામની સીમમાં સગેવગે કરવાનું ક્રીમાંક એલસીબી ટીમે ઝડપી પાડ્યું છે. પોલીસે ટ્રક ચાલકની ધરપકડ કરી છે, જ્યારે અન્ય એક શખ્સ માલ ભરીને ભાગી જવામાં સફળ રહ્યો હતો.

કામરેજ પાસેથી સગેવગે થતાં રૂ.૨૮.૨૦ લાખના જથ્થા સાથે બે ટેમ્પા કબજે : સુત્રધાર મનિષ પટેલ રૂ.૧૩.૦૬ લાખનો જથ્થો લઈ ફરાર

મધ્યપ્રદેશના ઈન્દોર સ્થિત ડી એન્ડ એક્સપ્રેસ લોજીસ્ટિક કંપનીમાં ટ્રાન્સપોર્ટ હેડ તરીકે મનીષ રામલાલ ગુપ્તા નોકરી કરે છે. તા.૨૯-૦૪-૨૦૨૬ના રોજ બ્લેકબર્ડ એપ મારફતે મનીષ પટેલે ટ્રક (નં.જીજે-૧૯-વાય-૧૪૯૫) બુક કરાવી હતી. આ ટ્રકમાં ભિવંડીના ગોડાઉનમાંથી રૂ.૪૧,૨૬,૬૦૮ની કિંમતના ૨૫,૨૫૦ કિલો પ્લાસ્ટિકના દાણાનો જથ્થો ભરી તેલંગાણાના મહેબુબનગર ખાતે પહોંચાડવાનો હતો. બીજા દિવસે કંપની દ્વારા ટ્રકનું લોકેશન ટ્રેક કરવામાં આવતા માલ તેલંગાણા જેવાને બદલે સુરત તરફ જતો હોવાનું જણાયું હતું. જેથી શંકા જતાં કંપનીના અધિકારીઓ સુરત આવવા નીકળ્યા હતા, તે દરમિયાન જ કામરેજ પોલીસે ઝણ કરી હતી કે, આ ટ્રક ખોલવડ ગામની સીમમાં નાયરા પેટ્રોલ પંપ પાસે શંકાસ્પદ હાલતમાં મળી આવી છે. જિલ્લા એલસીબીને બાતમી મળી હતી કે ટ્રક ડ્રાઈવર ગિરજેશકુમાર ગૌતમ અને મનીષ પટેલ ટ્રકમાંથી પ્લાસ્ટિકના દાણા અન્ય ભારે રાખેલા ટેમ્પામાં ભરી રહ્યા હતા. પોલીસે ઘટનાસ્થળેથી બે ટેમ્પામાં ભરેલો રૂ.૨૮,૨૦,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જોકે, મુખ્ય સુત્રધાર મનીષ પટેલ એક છોટા હાથી ટેમ્પામાં રૂ.૧૩.૦૬ લાખનો માલ ભરીને નાસી છૂટ્યો હતો. પોલીસે ટ્રક ચાલક ગિરજેશકુમાર રામલિત ગૌતમ (ઉ.વ.૩૫, રહે. છાછડ ટ્રાન્સપોર્ટ, કડોદરા, તા.પલસાણા, મૂળ રહે. અયરૌવલી, જી.બસ્તી, ઉત્તરપ્રદેશ)ની ધરપકડ કરી મનીષ પટેલને વોન્ટેડ જાહેર કરી કામરેજ પોલીસમાં વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઓલપાડ પંથકમાં ઈલેક્ટ્રીક વાયર ચોરતી ગેંગ ૧૮.૨૭ લાખના મુદ્દામાલ સાથે પકડાઈ

બારડોલી, શનિવાર

સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના સાયણ વિસ્તારમાંથી લાખોની કિંમતના ઈલેક્ટ્રિક વાયરના ડ્રમ ચોરી કરનાર ગેંગને પોલીસે ઝડપી પાડી હતી. પોલીસે ત્રણ શખ્સોની ધરપકડ કરી તેમની પાસેથી ચોરીનો તમામ મુદ્દામાલ સહિત કુલ રૂ.૧૮,૨૭,૦૦૦ની મત્તા કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

સિવાણ અને માધર ગામની સીમમાં અંડરગ્રાઉન્ડ વાયરના બે ડ્રમ ચોરાયા હતા : પોલીસે ચોરાયેલા વાયરો અને ટેમ્પો સાથે ત્રણને ઝડપી લીધા

ઓલપાડના સિવાણ અને માધર ગામની સીમમાંથી તા.૧૭-૦૪-૨૦૨૬ થી તા.૨૪-૦૪-૨૦૨૬ દરમિયાન અજાણ્યા તસ્કરો ડાયમંડ કંપની અને એવોકેમ કંપનીના રૂ.૧૧,૧૨,૦૦૦ની કિંમતના ૫૦૦-૫૦૦ મીટરના અન્ડરગ્રાઉન્ડ ઈલેક્ટ્રિક વાયરના બે ડ્રમ ચોરી કરી નાસી છૂટ્યા હતા. આ મામલે ઓલપાડ પોલીસે ગુનો નોંધાયો હતો. ઓલપાડ પીઆઈ. સી.આર.જાદવની ટીમે તપાસ હાથ ધરી હતી. સીસીટીવી ફૂટેજ અને હ્યુમન સોર્સિસના આધારે બાતમી મળતાં ચોરીમાં વપરાયેલ ટેમ્પો (નં.જીજે-૦૫-સીવાય-૭૨૩૧) શેખપુર ગામની સીમમાં એક ગોડાઉન પાસેથી કબ્જે કર્યો હતો.

આ સાથે પોલીસે ત્રણ શખ્સો આશિષ ડાહ્યાભાઈ ગાબાણી (ઉ.વ.૩૨, રહે. નિમ્બાર્ક પાર્ક, ડભોલી ગાર્ડન પાસેર કતારગામ, સુરત, મૂળ રહે.વિરડી, જી.બોટાદ), વિશાલ છગનભાઈ ભુપેલીયા (ઉ.વ. ૩૧, રહે.રાધા પાર્ક, કતારગામ, સુરત. મૂળ રહે.ડમનગર, જી.અમરેલી) અને મ્રુવ જયકુમાર પટેલ (ઉ.વ.૩૧, રહે. મુળદ, તા.ઓલપાડ)ને પકડી લીધા હતાં. પોલીસે રૂ.૧૧,૧૨,૦૦૦ના ઈલેક્ટ્રિક વાયરના ૧૦૦૦ મીટર ટુકડા, રૂ.૭,૦૦,૦૦૦નો ટેમ્પો અને રૂ.૧૫,૦૦૦ના ૩ નંગ મોબાઈલ ફોન મળી કુલ રૂ.૧૮,૨૭,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

ઉમરપાડામાં પશુ ભરી કતલખાને જતી પીકઅપ ચાલકે બે વીજપોલ તોડી નાંખ્યા

બારડોલી, શનિવાર

સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકાના વડગામ ખાતે ગેરકાયદેસર રીતે ચાર ગૌવંશ કતલખાને લઈ જતી એક બોલેરો પીકઅપ ગાડી મુકી ચાલક ભાગી ગયો હતો. ગાડીના ચાલકે પકડાઈ જવાની બીકે ટેમ્પો પુરઝડપે હંકારી બે ઈલેક્ટ્રીક થાંભલા તોડી નાખ્યા હતાં.

પોલીસને જોતા ચાલક રિવર્સમાં લઈ ભાગવા જતાં બે પોલ તોડી નાંખ્યા : ચાલક ભાગી ગયો પણ પીકઅપમાંથી ચાર પશુ મળી આવ્યા

વડગામના સરપંચ જીવણભાઈ વસાવાએ ગતરોજ શુક્રવારે ઉમરપાડા પોલીસને જાણ કરી હતી કે, ગામમાં લગ્ન પ્રસંગ હોવાથી ભીડનો લાભ લઈ એક મહિન્દ્રા બોલેરો મેક્રીટ્રક (નં.જીજે-૨૩-એટી-૯૮૧૪) શંકાસ્પદ રીતે ગૌવંશ ભરીને પસાર થઈ રહી છે. પોલીસ સ્થળ પર પહોંચતા ગાડીના ચાલકે રિવર્સ લેતાં સમયે બે વીજ થાંભલા તોડી પાડી જાહેર મિલકતને નુકસાન કર્યું હતું અને ગ્રામજનોને જોઈને ગાડી મુકી ત્યાંથી નાસી ગયો હતો. પોલીસે તપાસ કરતા ગાડીમાંથી બે વાછરડા અને બે બળદ મળી આવ્યા હતા.

ગૌવંશને ઘાસ-ચારા કે પાણીની કોઈ વ્યવસ્થા વગર ટૂંકા દોરડા વડે અત્યંત ક્રૂરતાપૂર્વક અને ખીચોખીચ ભરીને ગેરકાયદેસર રીતે કતલ કરવાના ઈરાદે લઈ જવામાં આવી રહ્યા હતા. પોલીસે ગૌવંશને નીચે ઉતારી પીકઅપ કબ્જે કરી હતી. ઉમરપાડા પોલીસે ભાગી ગયેલા ચાલક વિરુદ્ધ પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ, પ્રાણી ક્રૂરતા પ્રતિબંધક અધિનિયમ અને જાહેર મિલકતને નુકસાન અટકાવવાના કાયદા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

નવસારીમાં ૧૧.૫ કિમીની ઝડપે પવન ફૂંકાતા ગરમીમાં રાહત

નવસારી, શનિવાર

નવસારી જિલ્લામાં છેલ્લા પાંચ દિવસથી સૂસવાટા ભેર વેશાખી વાયરા વાતા લોકોએ ઉનાળાની કાળઝાળ ગરમીથી રાહત અનુભવી છે. નવસારીમાં આજે શનિવારે પ્રતિ કલાક ૧૧.૫ કિમીની ઝડપે દક્ષિણ દિશામાંથી સૂસવાટાભેર જોરદાર પવન ફૂંકાવા સાથે મહત્તમ ૩૪ ડિગ્રી અને લઘુત્તમ ૨૬ ડિગ્રી તાપમાન વચ્ચે હવામાં ભેજનું પ્રમાણ ૮૮ ટકા નોંધાયું હતું. સૂસવાટાભેર વેશાખી વાયરા વાતા ફળોના રાજા કેરીના પાકને નુકસાન થતા ખેડૂતોમાં ચિંતા જોવા મળે છે. રસ્તાઓ પર ધૂળની ડમરીઓ ઉઠતા વાહન ચાલકો અને રાહદારીઓ મુશ્કેલીમાં મુકાયા હતા.

સંઘપ્રદેશમાં કામદારોના લઘુત્તમ વેતનમાં પ્રતિદિન રૂ.૧૨ વધારાયા

વાપી, શનિવાર

સંઘપ્રદેશ દા.ન.હવેલી અને દમણ-દીવમાં કામ કરતા કામદારોના પગારમાં પ્રતિદિન રૂ.૧૨નો વધારો કરવા આદેશ કરાયો છે. આ આદેશ એપ્રિલ ૨૦૨૬થી લાગુ કરાયો છે.

અકુશળને રૂ.૫૦૧, અર્ધકુશળને રૂ.૫૧૨ અને કુશળ કર્મચારીને પ્રતિદિન રૂ.૫૨૨ મળશે : પ્રશાસનનો આદેશ

સંઘપ્રદેશ દા.ન.હવેલી અને દમણ-દીવમાં કામ કરતા કામદારોના પ્રતિદિન પગારમાં વધારો કરવા પ્રશાસન દ્વારા કવાયત હાથ ધરાઈ હતી. કામદારોના રૂ.૧૨નો વધારો કરવામાં આવ્યો છે. આ સાથે ભથ્થાનો પણ સમાવેશ કરાયો છે. નવા વેતન અંગે રાહદારીઓનો અહેવાલ માટે રૂ.૪૪૧, ભથ્થું રૂ.૬૦.૫૦ મળી કુલ રૂ.૫૦૧.૫૦, અર્ધકુશળ માટે રૂ.૪૫૨, ભથ્થું રૂ.૬૦.૫૦ મળી કુલ રૂ.૫૧૧.૫૦ અને કુશળ કર્મચારીઓને રૂ.૪૬૨, ભથ્થું મળી કુલ રૂ.૫૨૨ ચુકવવાનો નવેસરથી આદેશ એપ્રિલ ૨૦૨૬થી લાગુ કરાયો છે. કામદારોના લઘુત્તમ વેતનમાં વધારો કરાતા કામદારોને રાહત થશે.

એપીએમસીમાં સરદાર પટેલની પ્રતિમાના અનાવરણ સાથે વાંસદા નવા કેરી માર્કેટના ઉદ્‌ઘાટન સાથે સિઝનની પ્રથમ કેરીની હરાજી

વાંસદા,શનિવાર

વાંસદા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ દ્વારા ગુજરાત સ્થાપના દિને વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે માર્કેટ યાર્ડના પટાંગણમાં ખેડૂતો અને વેપારીઓની સુવિધા માટે નવનির્મિત 'કેરી માર્કેટ'નું વિધિવત ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

કેસરના રૂ.૨૧૦૦ થી ૨૩૫૧, હાફૂસના રૂ.૨૧૫૧ થી ૨૨૦૦ અને રાજાપુરીના રૂ.૭૦૦ થી ૯૦૦ પ્રતિ ૨૦ કિલોનો ભાવ

કાર્યક્રમની શરૂઆતમાં ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું ગરિમાપૂર્ણ રીતે અનાવરણ સંસ્થાના ચેરમેન ગણપતસિંહ ચૌહાણ દ્વારા શ્રીફળ વધેરી કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહાનુભાવોએ પુષ્પાંજલિ અર્પી સરદાર સાહેબના ખેડૂત હિતલક્ષી કાર્યોને યાદ કર્યા હતા. ત્યારબાદ, ચાલુ સિઝનને ધ્યાનમાં રાખીને કેરી માર્કેટને ખુલ્લું મૂકવામાં આવ્યું હતું, જેનાથી સ્થાનિક ખેડૂતોને તેમના પાકના યોગ્ય ભાવ અને વ્યવસ્થિત બજાર મળી રહેશે. માર્કેટમાં હરાજી દરમિયાન કેસરના રૂ.૨૧૦૦ થી રૂ.૨૩૫૧, હાફૂસ રૂ.૨૧૫૧ થી ૨૨૦૦, તોતાપુરીના રૂ.૫૫૧, રાજાપુરી રૂ.૭૦૦ થી ૯૦૦ તેમજ દશેરીના ૧૫૦૦ થી ૧૭૦૦ સુધીના પ્રતિ ૨૦ કિલોના ભાવો બોલાયા હતા. વાંસદા તાલુકાના ખેડૂતોએ આ નવા માર્કેટના પ્રારંભને આવકારી આ સુવિધાથી વેપારમાં વેગ મળશે એવી આશા વ્યક્ત કરી હતી.

વલસાડ પાલિકાની જર્જરિત કાચની બારી અને પતરા ધડાકાભેર તુટી પડ્યા

વલસાડ,શનિવાર

વલસાડ નગરપાલિકા કચેરીની ઈમારતમાં લાંબા સમયથી જર્જરિત હાલતમાં રહેલી કાચની બારીઓ અને શેડના પતરા અચાનક ધડાકાભેર નીચે પડતા સમગ્ર વિસ્તારમાં હડકંપ મચી ગયો હતો. આ ઘટનામાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી.

ભરચક વિસ્તારમાં અચાનક કાચ સાથે કાટમાળ પડતા દોડધામ થઈ ગઈ : ક્ષતિગ્રસ્ત બારીઓ દુર કરવા માંગ

વલસાડ નગરપાલિકા જે વિસ્તારમાં આવેલી છે, તે શહેરનો મુખ્ય વ્યાપારી હબ ગણાય છે. દિવસભર હજારોની સંખ્યામાં રાહદારીઓ અને ગ્રાહકોની અવરજવર રહે છે. આજે શનિવારે બપોરના સમયે અચાનક ઉપરથી પાલિકાની જર્જરિત બારીનો કાચ અને પતરા તૂટી પડતા પ્રચંડ અવાજ થયો હતો. અવાજ સાંભળીને નજીકમાં ઉભેલા લોકો અને વેપારીઓમાં દોડધામ થઈ ગઈ હતી. મળતી માહિતી મુજબ પાલિકાની ઈમારતના ઉપરના માળે લગાવેલી કાચની બારીઓ ઘણા સમયથી ક્ષતિગ્રસ્ત અને જર્જરિત હાલતમાં હતી. છતાં તંત્રએ સમારકામ કરવાની તસ્દી લીધી નહોતી. હવે પાલિકા તંત્ર તાત્કાલિક અસરથી ઈમારતનું નિરીક્ષણ કરે અને બાકી રહેલા તમામ જર્જરિત પતરા અને કાચની બારીઓને દૂર કરે એવી માંગ ઉઠી છે.

ભય ઉભો કરવા કાચ તોડવામાં આવ્યાની ચર્ચા

આ ઈમારત તોડીને નવું બનાવવાની કાર્યવાહી ચાલું છે પરંતુ પાલિકા ન શાસકો નીચેનાં દુકાનદારો પાસેથી રૂ.૩ લખ્ખાની જગ્યાએ રૂ.૨૦ લાખ માંગી રહ્યાં હોવાની વાત છે. જેને કારણે કોર્ટ ગુંચવાયેલું છે અને કામ આગળ વધતું નથી જેના કારણે પાલિકા શાસકો દ્વારા જ જાણી જોઈને ખારીના કાચ તોડી ભય ઉભો કરી દુકાનદારો પાસેથી દુકાનો ખાલી કરવા માટે પડયંત્ર કર્યુ હોવાની ચર્ચાઓ ચાલી રહી છે.

પારડી ઓરવાડના બંધ ફ્લેટમાંથી પાંચ તોલા દાગીના ચોરી જતા તસ્કરો

વાપી, શનિવાર

પારડીના ઓરવાડ ખાતે બંધ ફ્લેટમાંથી તસ્કરો પાંચ તોલા દાગીનાની ચોરી કરી ગયા હતા. ફ્લેટ માલિકની પત્ની અને પુત્ર વતનથી ઘરે આવ્યા બાદ નવમ બહાર આવ્યો હતો.

દુકાનદાર દુકાને અને પુત્રી નોકરી પર ગઈ હતી ત્યારે પત્ની અને પુત્ર વતનથી આવ્યા તો તાળું તુટેલું હતું

પારડીના ઓરવાડ ગામે સાંઈ રેસીડન્સીમાં કનૈયા પેરાજભાઈ ભાનુશાલી પરિવાર સાથે રહે છે. ગઈકાલે શુક્રવાર કનૈયા ભાનુશાલી અનાજ કરિયાણાની દુકાને અને પુત્રી નોકરી પર ગઈ હતી. બપોરે વતન ગયેલી પત્નીને અને પુત્ર ઘરે આવ્યા ત્યારે ફ્લેટના દરવાજાનું તાળુ તુટેલું જોઈ ચોંકી ગયા હતા. ફ્લેટમાં અંદર જઈને જોતા માલસામાન વેરવિખેર અને કબાટ ખુલ્લો હોવાથી ચોરી થયાનું જણાયું હતું. કબાટમાં તપાસ કરતા પાંચ તોલા સોનાના ઘરેણા ગાયબ હતા બનાવ અંગે કનૈયા ભાનુશાલીએ પોલીસને જાણ કરતા ટીમ દોડી ગઈ હતી. પોલીસે ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ આદરી છે.

વાપીમાં નિર્માણાધિન કંપનીની દિવાલ તુટી પડતા બે મજૂર દબાયા

વાપી, શનિવાર

વાપીના કોર્થેફઝમાં નિર્માણાધિન કંપનીના બિલ્ડિંગમાં શનિવારે દિવાલ તુટી પડતા કામ કરતા બે મજૂરો દબાયા હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડાયા હતા.પ્રાપ્ત માહિતિ અનુસાર વાપી જીઆઈડીસીના ફોર્થ ફેઝમાં નવી કંપનીના નિર્માણની કામગીરી કોન્ટ્રાક્ટર મારફતે હાથ ધરવા આવી રહી છે. આજે શનિવારે બિલ્ડિંગના મારી બાજુની દિવાલ અચાનક તુટી પડતા નીચે કામ કરતા બે મજૂર દબાઈ ગયા હતા. ઘટનાને પગલે સહ મજૂરો સહિત લોકો દોડી ગયા હતા. બાદમાં ત્રણેય ઈજાગ્રસ્તોને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડાયા હતા. બિલ્ડિંગ નિમાર્ણની કામગીરી વેળા કોન્ટ્રાક્ટર કે સુપરવાઈઝર પર હાજર ન હતા. ઘટના કેવી રીતે બની તે પણ હાલ બહાર આવી શક્યું નથી.

કપરાડામાં નિષ્ઠુર માતાએ બે સંતાનોને ફાંસો આપી પોતે આત્મહત્યા કરી લીધી

વલસાડ,શનિવાર

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના તિસ્કરી જંગલ ગામે હૃદયવાલુક ઘટના સામે આવી છે. જેમાં એક માતાએ પોતાના બે માસૂમ સંતાનોને ગળે ફાંસો આપી મોતને ઘાટ ઉતારવાનો પ્રયાસ કરી પોતે જીવન ટૂંકાવ્યું હતું. જોકે, દુદરતને કંઠેક બીજું જ મંજૂર હોય તેમ પડોશીઓએ સમયસૂચકતા વાપરીને મોતના મુખમાંથી બંને બાળકોને બચાવી લીધા હતા.

બાળકોના રડવાનો અવાજ આવતા દોડી ગયેલા પડોશીએ દિવાલ પર ચઢી અંદર જઈ બંને બાળકને બચાવી લીધા : માતાનું મોત

કપરાડા તાલુકાના તિસ્કરી જંગલ ગામના મામલદેવી ફળિયામાં રહેતા જયેશભાઈ કાસમભાઈ વારવે (ઉ.વ.૨૮) છૂટક મજૂરી કરી પોતાનું ગુજરાન ચલાવે છે. જયેશભાઈની પ્રથમ પત્નીના અવસાન બાદ તેમણે પાંચ વર્ષ પૂર્વે રંજીતા (રહે. ફ્રસ્ટોનિયા) સાથે બીજા લગ્ન કર્યા હતા. આ લગ્નજીવન દરમિયાન તેમને ૫ વર્ષનો પુત્ર જૈનિલ અને ૪ વર્ષની પુત્રી જિયાંશી છે.

તા.૩૦ એપ્રિલના રોજ જયેશભાઈ અને અન્ય ગ્રામજનો કરમબેલી ખાતે આંબાવાડીમાં મજૂરીકામ માટે ગયા હતા. રાત્રે અંદાજે ૯:૩૦ વાગ્યાના સુમારે ઘરમાં એકલી રહેલી રંજીતાએ અકળ કારણોસર પોતાના બંને સંતાનોને ઓઢણી વડે ઘરના છતના દાંડા (માળ) પર ખેસડેવામાં આવ્યા હતા. બંને ભાઈ ખેસડેવામાં આવ્યા હતા. ત્યાં પુત્ર જૈનિલની તબિયત સુધારા પર હોવાથી તેને રજા અપાઈ છે, જ્યારે પુત્રી જિયાંશીની હાલત ગંભીર જણાતા તેને વધુ સારવાર અર્થે વલસાડ સિવિલ હોસ્પિટલ રિફર કરવામાં આવી છે. તો ફરજ પરના તબીબોએ માતા રંજીતાને મૃત જાહેર કરી હતી. આ ઘટના બાદ પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. પત્નીએ કરેલા આ કૃત્ય બદલ પતિ જયેશભાઈએ મૃતક પત્ની રંજીતા સામે પોતાના જ સંતાનોની હત્યાના પ્રયાસની ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધીને રંજીતાએ આ પગલું કેમ ભર્યું ? તે દિશામાં વધુ તપાસ હાથ ધરી છે. પડોશીઓની સમયસૂચકતા ન હોત તો આજે એક પરિવારે બે વંશના વારસો ગુમાવ્યા હોત.

બૅંક ઑફ બરોડા, આરબીઓસેમએઆરની મહાલક્ષ્મી ટાવર, ૧લો માળ, સિયલ રોડ, વલસાડ.
ફોન : 02632-241454,
ઈ-મેલ : sarbbul@bankofbaroda.com

સ્વાયર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટીસ
પરિશિષ્ટ-૪-એ (પૂલો નિયમ ૬(૨) અને ૮(૬)ની જોગવાઇઓ)

સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૬(૨) અને ૮(૬) ની જોગવાઇઓ અને રીડ-નિરૂદ્દકરણ ઓફ ફાયનાન્શિયલ એસેટસ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ સ્વાયર મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટિસ

આથી બધા ક્રેડીટ રેકોર્ડ (દેવાદાર/રો) તથા જામીનદાર/રો તથા બાકીદાર જણાતાં બધાને જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે જણાવેલ સ્વાયર મિલકતો સિક્યોરીટી લેણદારના ગીરો/વાર્ય કરાયેલ છે, જેનો કબજો બેંક ઓફ બરોડા, સિક્યોરીટી લેણદારના અધિકૃત અધિકારીઓએ લઈ લીધો છે, જેનું નીચે દર્શાવેલ એકાઉન્ટ/ઓની વસૂલાત માટે **"જ્યાં છે", "જે છે" અને "જેમ છે" "અસત્ય વિના"**ના ધોરણે વેચાણ કરવામાં આવશે. દેવાદાર/રો/ જામીનદાર/રો/ સિક્યોરીટી ગિરવેદાર/રો/ગારંટી રકમ/ રીઝર્વ કિંમત / ઈ-હરાજીની તારીખ અને સમય, દાખલેબાકી અને બીડ વૃદ્ધિની રકમ નીચે મુજબ છે.

ક્રમ/ લોટ નં.	શાખા નામ સંપર્ક નં.	દેવાદાર/રો / જામીનદાર/રો ના નામ અને સરનામા	જાણમાં હોય, જો કોઈ હોય તો તેના ઓળખ સહિત સ્વાયર મિલકતની ટૂંકી વિગત / ઉપલબ્ધી પ્રકાર	લુલ બાકી રકમ	૧. ઈમડી કિંમત (રીઝર્વ) ૨. બીડ વૃદ્ધિની રકમ
1	ROSARB 8872485474	મે. વલ્લભી લોજીસ્ટીક પ્રોપરાઇટર શ્રી અપિતકુમાર અનુરાધભાઈ માલી (દેવાદાર) અને નયના પજારતભાઈ માલી, શ્રી દીતીબહુમાર દલભુભાલ માલી	૧. મિલકતની તમામ ભાગ અને પાર્ટસ વેચી પોટ નં. ૧૦ ભાગ દ્વારાએ છે જેનું ક્ષેત્રફળ ૧૬૫૩૫ ચોરસ મીટર ઉત્તર દક્ષ ક્ષેત્રફળ ૩૩૫.૨૦ ચોરસ મીટર છે જે એનએ જમીન દ્વારાવી પેલી પેઢાનું સર્વે નં. ૨૦૦/પિતી (કમ્યુટરાઇઝ્ડ સેટનું સર્વે નં. ૨૦૦/પિતી) ગામ વલસેજ તાલુકો અને જુલ્લો વલસાડ ખાતે સ્થિત છે. જે મી નામન પરવાનગીથી માલી અને શ્રી દીતીબહુમાર દલભુભાલ માલીના માલીના છે. **મિલકતની સુરૂઆતમાં કિંમત :** પોટ નં. ૧૦ ની ઇમડી ભાગ **પૂર્વ** બોલેડ/કર્યો નં. ૧૮૦ દ્વારાવી મિલકત **દક્ષિણ** પોટ નં. ૧૫ મી ભાગ **પશ્ચિમ** રોડ. **(અત્યારે ઉપલબ્ધ)**	**રૂ. ૭૯,૯૭,૦૦૩.૮૩/- ૦૫.૧૨.૨૦૨૫ મુજબ**	**૧. રૂ. ૧૪,૧૯,૦૦૦/- ૨. રૂ. ૧,૫૧,૦૦૦/- ૩. રૂ. ૧૦,૦૦૦/- (અલોટ ૧૦ દિનિસના સમાવિષ્ટિત વધારા સહિત)**
					૧. રૂ. ૧૫,૧૦,૦૦૦/- ૨. રૂ. ૧,૬૫,૦૦૦/- ૩. રૂ. ૧૦,૦૦૦/- (અલોટ ૧૦ દિનિસના સમાવિષ્ટિત વધારા સહિત)
2	ROSARB 8872485474	ડાંગ ઓલિવ ઓગ્યાર્ગાઇ ડોમેસ્ટીક ઇઝી સ્કુલ સામે, એલર રોડ, વલસાડ-૩૬૬૦૦૧	ફ્રોટ નં. બી/૫૦૩, આશરે ૩૩૦.૦૦ ચોરસ ફૂટ (૩૬.૭૩ ચોરસ મીટર) સુપર બિલ્ટ અપ એરિયા દ્વારાવી અને ૧૮.૩૦ ચોરસ મીટર જમીનમાં અવિભાજિત હિસ્સો દ્વારાવી જે વલસાડનગર પાલિકા નવી મિલકત નં.૨૦૦૦/૩૬૦/બી-૧૦૩, જે "સમરવા સેલ્યુબ્રિઅસ કો-ઓપ હાઉસિંગ સોસાયટી લિમિટેડ, બિલ "બી" ના ફ્લેટ ક્રમાંક માટે સભ્યનો જમીન પર વહેંચણી અધિકાર તથા જેમાં શ્રી કર્યો નં.૩૬૬૬ અંદાજે ૧૪૩.૬૫ ચો.મી., શ્રી કર્યો નં.૩૬૬૭ અંદાજે ૬૯.૧૧ ચો.મી., શ્રી કર્યો નં.૩૬૬૭ અંદાજે ૬૯.૧૧ ચો.મી., શ્રી કર્યો નં.૩૬૬૭ અંદાજે ૯૬.૦૦ ચો.મી., શ્રી કર્યો નં.૩૬૬૭ અંદાજે ૧૫.૨૦ ચો.મી. અને શ્રી કર્યો નં.૩૬૬૭ અંદાજે ૮૮.૦૦ ચો.મી.નુ કુલ ૩૪૮.૬૬ ચો.મી. વિસ્તાર જે ગામ - વલસાડ, વલસાડ મ્યુનિસિપલ ૬૬., તા. વલસી જિ. વલસાડ, ગુજરાત ખાતે સ્થિત સ્વાયર મિલકતના ટ્રાન્સફર પીઠ અને પાર્કિંગ જે **શ્રી ડાંગ ઓલિવ ઓગ્યાર્ગાઇ નામે** જેની નીચે મુજબ સદુસીમાં **પૂર્વ:** ખુલ્લી જગ્યા, **પશ્ચિમ:** સીડી અને મકાન, **ઉત્તર:** ફ્લેટ નં. બી-૧૦૨, **દક્ષિણ:** ખુલ્લી જગ્યા. **(અત્યારે ઉપલબ્ધ)**	**રૂ. ૨૮,૮૮,૮૮૮.૮૮/- ૦૫.૧૨.૨૦૨૫ મુજબ**	**૧. રૂ. ૩૩,૩૩,૨૮૯/- ૨. રૂ. ૩,૩૩,૯૮૮/-૩. રૂ. ૧૦,૦૦/- (અલોટ ૧૦ દિનિસના સમાવિષ્ટિત વધારા સહિત)**
3	ROSARB 8872485474	**અમી લાઇટ્સીગ,** પ્લોટ નંબર ૩૧ ચ પેટ જુલ્યાઉંડીગી ઇન્ડ એસ્ટેટ,નવસારી જુલ્લા ગુજરાત **શ્રી અશિતકુમાર દ્વોલેનાંક મહેતા અને મીનિકેન સમોગાંક દોશી,** શ્રી રાઇસ સી/૩૩, સેલ્યર પાસી કોમ્પેક્સ, ગુલબ નગર, મુલાકાતવાડા પાસ્ટા, વિલેપારલી પશ્ચિમ મુંબઇ	૧. મિલકતની તમામ ભાગ અને પાર્ટસ વેચી પોટ નં. ૧૦ ભાગ દ્વારાએ છે જેનું ક્ષેત્રફળ ૧૬૫૩૫ ચોરસ મીટર ઉત્તર દક્ષ ક્ષેત્રફળ ૩૩૫.૨૦ ચોરસ મીટર છે જે એનએ જમીન દ્વારાવી પેલી પેઢાનું સર્વે નં. ૨૦૦/પિતી (કમ્યુટરાઇઝ્ડ સેટનું સર્વે નં. ૨૦૦/પિતી) ગામ વલસેજ તાલુકો અને જુલ્લો વલસાડ ખાતે સ્થિત છે. જે મી નામન પરવાનગીથી માલી અને શ્રી દીતીબહુમાર દલભુભાલ માલીના છે. **મિલકતની સુરૂઆતમાં કિંમત :** પોટ નં. ૧૦ ની ઇમડી ભાગ **પૂર્વ** બોલેડ/કર્યો નં. ૧૮૦ દ્વારાવી મિલકત **દક્ષિણ** પોટ નં. ૧૫ મી ભાગ **પશ્ચિમ** રોડ. **(અત્યારે ઉપલબ્ધ)**	**રૂ. ૨૮,૮૮,૮૮૮.૮૮/- ૦૫.૧૨.૨૦૨૫ મુજબ**	**૧. રૂ. ૩૩,૩૩,૮૮૮/- ૨. રૂ. ૩,૩૩,૮૮૮/-૩. રૂ. ૧૦,૦૦/- (અલોટ ૧૦ દિનિસના સમાવિષ્ટિત વધારા સહિત)**
4	ROSARB 8872485474	**શ્રીમતી દ્વિતાબેન પ્રદુલ્લભાઇ માંગે** ૭૦૨ ૩૨ ૩૩ રેસીડેન્સી કોટેજર નગર વલસાડ ૩૬૬૦૦૧ **શ્રી પ્રદુલ્લભાઇ રતનસિંહ માંગે** ૭૦૨ ૩૨ ૩૩ રેસીડેન્સી કોટેજર નગર વલસાડ ૩૬૬૦૦૧	"૭૦૨ રેસીડેન્સી" નામના અને પ્લોટેડ મકાનના હોલા માટે ૧૪૦.૦૦ ચોરસ ફૂટ કોટેજે છે ચમ્પ ૮૮ ચોરસ મીટરનો સુપર બિલ્ટ અપ વિસ્તાર દ્વારાવી ફ્લેટ નં. ૭૦૨ (ચણિત્યિત દક્ષિણ નં. ૭૦૮/૭૦૨, ભાગ નં. ૧૦૫૩૦૮/૭૦૨) સાથાર મિલકતનાં ખલા હકદાર ટ્રાયિંગ અને કોમ્પલેક્ષ. ૬૦.૦૦ ચોરસ મીટરનો અવિભાજિત અમારસ્થાર હિસ્સો સાથે મોગાવડી નામ, ૨૫૫/૫/૦ ૨૫૫/૨/૬, શ્રીની કર્યો નં. ૬૩૩૩ ના પ્લોટ નં. ૧,૨,૩,૪૮,૬૦ અને ૩૦ પર બાંધકામ કરેલી રિસિડેન્સિ ટ્રેઝરની જમીનમાં ૬૦.૦૦ ચોરસ ફૂટના ટેરેસ સાથે, જે તમામ હકો સાથે, મોગાવડી નામ, તાલુકા અને જિલ્લા વલસાડની દ્રાવાં આવેલું છે અને નીચે મુજબ સીમા દ્વારાવે છે: પૂર્વ